



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ પુનમ, શુક્રવાર ૧૪ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૧૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# ભાષા વિવાદ: તમિલનાડુ સરકારે રૂપિયાનું પ્રતિક બદલી નાખ્યું

**આજે** રજૂ થનારા રાજ્યના બજેટના દસ્તાવેજ પર રૂપિયાનો દેવનાગરી લિપિનો માન્ય સિમ્બોલ બદલીને તમિલ લિપિનો સિમ્બોલ મૂક્યો

**સ્ટાલિન** સરકારના આ પગલાથી ભારે રાજકીય વિવાદઃ ભાજપે સ્ટાલિન સરકાર પર આકરા પ્રહારો કર્યા, ડીએમકેએ કહ્યું કે આ રીતે પ્રતિક જુદી લખવાની કોઇ કાયદામાં મનાઇ નથી, અન્નાદ્રમુકે આને લોકોનું ધ્યાન બીજે દોરવાનો પ્રયાસ ગણાવ્યો, કેન્દ્રીય નાણા મંત્રીએ ડીએમકેના પગલાને ભયંકર માનસિકતા ગણાવી

**ચેન્નાઈ, તા. 13 (PTI):** કેન્દ્ર સાથે ભાષાનો સંઘર્ષ વધુ ઉગ્ર બનાવતા તમિલનાડુ સરકારે તેના ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂપિયા માટેનો દેવનાગરી લિપિનો સિમ્બોલ બદલીને તેને સ્થાને તમિલ ભાષાની લિપિ વડે બનાવાયેલો સિમ્બોલ મૂક્યો હતો. આ અભૂતપૂર્વ પગલું નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળની ત્રિભાષી ફોર્મ્યુલા સામેના તેમના મક્કમ અભિગમનો સંકેત આપે છે.

આ પગલું નવી શિક્ષણ નીતિને સ્વીકારવાના તમિલનાડુ સરકારના ઈન્કાર પછી જાગેલા રાજકીય તોફાન પછી આવ્યું છે જ્યારે જેમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કેન્દ્ર સરકાર પર તેમના રાજ્ય પર હિન્દી થોપવાના

...અનુસંધાન પાના 13 પર ➲

**ગુજરાતમિત્ર**

**અંક બંધ**

**આજે ધૂળેટીના પર્વ નિમિત્તે 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં રજા રહેશે, તેથી આવતીકાલ તા. ૧૫-૩-૨૦૨૫નો અંક બહાર પડશે નહીં. જેની નોંધ લેવા સૌ વાચક મિત્રોને વિનંતી.**

-- વ્યવસ્થાપક

તા. ૧૩-૦૩-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૪° સે. | ૨૫.૦° સે. | ૧૮% |




## રૂપિયાનો લોગો તૈયાર કરનાર તમિલ વ્યક્તિ જ છે

**ચેન્નાઇ.** તમિલનાડુના બજેટ દસતાવેજ પર ડીએમકે સરકારે રૂપિયાના દેવનાગરી લિપિના માન્ય સિમ્બોલના સ્થાને તમિલ લિપિમાં તૈયાર કરાયેલ સિમ્બોલ મૂક્યો છે. આનાથી ભારે વિવાદ થયો છે. જેને રૂપિયાના માન્ય પ્રતિક તરીકે સ્વીકારવામાં આવ્યું છે તે તમિલનાડુના જ વતની અને આઇઆઇટી બોમ્બેના સ્નાતક એવા ઉદય કુમારે તૈયાર કર્યું છે. આ પ્રતિક હવે રૂપિયાની નોટો પર પણ આવે છે. તમિલનાડુ માટે આ ગર્વ લેવા જેવી બાબત છે એમ

...અનુસંધાન પાના 13 પર ➲

## રૂપિયાના પ્રતિકના રચયિતાનો વિવાદમાં ખેંચાવાનો ઇન્કાર




**ગુવાહાટી.** તમિલનાડુ સરકારે રાજ્યના બજેટ માટે રૂપિયાનો નવો લોગો જારી કર્યો તેના કલાકો પછી આઇઆઇટી ગુવાહાટીના પ્રોફેસર ડી. ઉદય કુમાર, કે જેમણે ભારતીય રૂપિયાના સિમ્બોલની ડિઝાઇન તૈયાર કરી હતી તેમણે આ વિવાદમાં ખેંચાવાનો ઇન્કાર કર્યો હતો અને

...અનુસંધાન પાના 13 પર ➲

## આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોલિકાદહન



■ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોલિકા દહન. ફાગણ સુદ પૂનમના દીને મોડી સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સુરતના પૂણા ગામ વિસ્તારમાં મોડી સાંજે હોળી પ્રગટાવવામાં આવી હતી. આ ઉપરાંત સુરત શહેરના તમામ વિસ્તારોમાં આસ્થાપૂર્વક હોળી પ્રગટાવી તેની પૂજા કરવામાં આવી હતી. સૌભાગ્યવતિ મહિલાઓએ હોળી પ્રજ્વલિત થયા પછી તેની પ્રદક્ષિણા કરી હતી અને ત્યારબાદ તેને નારિયેળ અર્પણ કર્યું હતું.
(તસવીર : સતીષ જાદવ)

